દિવાળીનો તહેવાર આવી પહોંચ્યો છે ને પુનઃ ફટાકડા ન ફોડવા માટેની સલાહો આવી રહી છે ત્યારે ગાંધીનગર આપે છે જવાબ એક અગત્યના સવાલનો -

# દિવાળીમાં ફટાકડા ફોડવા કે નહીં ?

## વાહનો દ્વારા ફેલાતું પ્રદૂષણ, ફેક્ટરીઝ દ્વારા કરાતું પ્રદૂષણ, વાર-તહેવારે મોટી સંખ્યામાં એકત્ર થતાં લોકો દ્વારા ફેલાવાતું પ્રદૂષણ.... બીજું ઘણું છે ફટાકડા સિવાય.... ફટાકડા તો વર્ષમાં પાંચ દિવસ... બાકીનાં ૩૬૦ દિવસમાં હજારો કારણો એવાં આવે છે જેનાથી પ્રદૂષણ ફેલાય છે

દેશનો સૌથી મોટો તહેવાર દિવાળી આવી ગયો છે. દીપ, રંગોળી, મીઠાઈ અને કપડાંની જેમ ફટાકડા પણ દિવાળીનો અવિભાજ્ય હિસ્સો છે. અગણિત સંખ્યામાં અને અગણિત ખર્ચ કરીને પણ દેશના લોકો દિવાળી નિમિત્તે ફટાકડા ફોડે છે. પરંતુ હવે પ્રદૂષણને થતા નુકસાન ને પર્યાવરણની કથળતી હાલત જોતાં હવે ફટાકડા સામે પ્રશ્નાર્થ સર્જાયા છે. ફટાકડા ફોડવા હિતાવહ નથી અને તેનાથી પર્યાવરણને નુકસાન થાય છે, વાયુનું પ્રદૂષણ થાય છે એવી દલીલો જોર પકડતી જાય છે.

કેટલાંક સંવેદનશીલ નાગરિકોએ આ કારણથી ફટાકડા ફોડવાનું બંધ પણ કર્યું છે, કેટલાંક એને પરંપરા અને વિજ્ઞાન માનીને ફોડી રહ્યા છે ને કેટલાંક એવાં છે કે જે ફોડવા કે નહીં ફોડવા એ વચ્ચેની અવઢવમાં જીવી રહ્યા છે. એવા સમયે કડી સર્વ વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓના માધ્યમથી 'ગાંધીનગર સમાચાર' અખબારે દિવાળીમાં ફટાકડા ફોડવા જોઈએ કે નહીં ? એ પ્રશ્નનો જવાબ નાગરિકો પાસેથી મેળવવાનો પ્રયાસ કર્યો છે. નાગરિકોએ આપેલા રસપ્રદ જવાબો અત્રે પ્રસ્તુત છે.



દિવાળી અમારો પ્રિય તહેવાર છે ને આ તહેવારે મીઠાઈ ખાવી, નવાં કપડાં પહેરવાં તથા ફટાકડા ફોડવા એ અમનેય ગમે છે. પરંતુ હવે પર્યાવરણનું ધ્યાન રાખવુંય જરૂરી છે. એ કારણે અમે સૌ પરિવારજનો પર્યાવરણને નુકસાન ન થાય એવાં ફટાકડા લાવીને ફોડીએ છીએ.

- ધ્યાની અને પીહુ પટેલ



દિવાળીમાં ફટાકડા ફોડવા ગમે તો છે ને મનભરીને હું ફોડું પણ છું. પરંતુ આ વખતે અમે ગ્રીન ફટાકડા પસંદ કર્યા છે. ફટાકડા ફોડ્યા પછી થતો કચરો સાફ કરવાની જવાબદારી પણ આપણી પોતાની છે એવું મારું માનવું છે.

- રક્ષિત ભાવાણી



ફટાકડા ફોડવા જોઈએ કે નહીં ? અત્યારના સમય અને સંજોગો જોતાં આ પ્રશ્નનો ઉત્તર 'ના' છે, ના ફોડવા જોઈએ. આજનો જમાનો દેખાદેખીનો છે અને અન્ય બાબતોની જેમ ફટાકડાનો ખર્ચ પણ દેખાદેખીને કારણે થાય છે, જે બંધ થવો જોઈએ. ફટાકડા ફોડીને કંઈ મળતું નથી, ઉલ્ટાનું તેનાથી પર્યાવરણને નુકસાન પહોંચે છે.

દિવાળી એ દીપનો તહેવાર છે, અજવાસનો તહેવાર છે. હવે તો આપણે ઈલેક્ટ્રીક ઉપકરણોથી મનચાહી રોશની કરી શકીએ છીએ. એ જ રીતે સૌએ દિવાળી ઉજવવી જોઈએ.

- મુકેશભાઈ પાટીદાર



દિવાળી એ આનંદ અને ઉલ્લાસ માટેનો તહેવાર છે. પરિવાર સાથે મળીને આ તહેવાર ઉજવવો જોઈએ. પરંતુ એ માટે ફટાકડાની જરૂર નથી. ફટાકડા ફોડવાથી શ્વાસની તકલીફો થાય છે ને તેના મોટા અવાજથી પણ વયસ્કો, બાળકોને તકલીફ થાય છે. વળી ફટાકડા ફોડનારને કે આસપાસ ઊભેલાઓને ઈજાનું જોખમ તો ખરું જ. આ બધું ધ્યાને લેતાં ફટાકડા ના ફોડવા જોઈએ.

- સાવિત્રીબેન પટેલ



લગ્નપ્રસંગ અને દિવાળી - આ બે ટાણે આપણે ત્યાં ફટાકડા ફોડવામાં આવે છે. લગ્નપ્રસંગમાં ભલે ના ફોડીએ પણ દિવાળીમાં ફટાકડા ફોડવા જોઈએ.

કારણ કે ફટાકડા ધાર્મિક લાગણી સાથે સંકળાયેલા છે. લંકાવિજય પછી ભગવાન શ્રીરામે અયોધ્યામાં પ્રવેશ કર્યો એ વાતની ખુશીમાં આપણે દિપોત્સવ-દિવાળી ઉજવીએ છીએ.

ઉપરાંત ફટાકડા ફોડવા પાછળ એક વૈજ્ઞાનિક કારણ પણ છે. ચોમાસા પછી મચ્છરો, નાનાં જંતુઓ વગેરેનો ઉપદ્રવ ખૂબ વધી જાય છે, જેના કારણે મોટા પ્રમાણમાં રોગો ફેલાય છે. ફટાકડા ફોડવાથી આવા સઘળાં જંતુઓનો નાશ થાય છે ને આપણે સુરક્ષિત થઈ જઈએ છીએ. એટલે ફટાકડા ફોડવા જોઈએ.

હા, સુપ્રિમ કોર્ટે આપેલી ગાઈડલાઈનને અનુસરવી જોઈએ અને ગ્રીન ફટાકડા ફોડવા જોઈએ જેથી પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન પહોંચે.

- લલિત વૈશ્ય



દિવાળીમાં ફટાકડા ફોડવા જોઈએ કે નહીં એ સવાલનો જવાબ એક સિક્કાની બે બાજુ જેવો છે.

ફટાકડા નાનાં બાળકોને આનંદ તો આપે જ છે, પરંતુ આપણે ત્યાં એ રોજગારી સાથેય સંકળાયેલી બાબત છે. ફટાકડાના ઉત્પાદનમાં ચીન પછી વિશ્વમાં બીજો ક્રમ આપણા દેશનો છે. લાખો લોકોને ફટાકડાના ઉત્પાદનથી રોજગારી મળે છે.

અલબત્ત, ફટાકડા વધારે પ્રમાણમાં ફૂટે છે ત્યારે પર્યાવરણને નુકસાન પહોંચે છે. તો એવા ફટાકડા ફોડવા જોઈએ જેથી પર્યાવરણને ઓછામાં ઓછું નુકસાન પહોંચે.

- રોનિત સોલંકી



દિવાળીમાં ફટાકડા ફોડવા જોઈએ. કારણ કે દિવાળી એ રોશનીનું પર્વ છે. આપણી સંસ્કૃતિ મુજબ દીવડાઓથી સુશોભન થવું જોઈએ અને ચારેકોર પ્રકાશ પણ પાથરવો જોઈએ. ફટાકડાને કારણે વાયુ અને ધ્વનિનું પ્રદૂષણ થાય છે, પરંતુ તેને ઓછું કરી શકાય છે. ચાઈનાના ફટાકડાનો ઉપયોગ સદંતર બંધ કરીને આપણે આ કાર્ય સારી રીતે કરી શકીએ તેમ છીએ.

- જયેશ પટેલ

## ફટાકડા ધાર્મિક લાગણી સાથે સંકળાયેલા છે, લંકાવિજય પછી ભગવાન શ્રીરામે અયોધ્યામાં પ્રવેશ કર્યો એ વાતની ખુશીમાં આપણે દિપોત્સવ-દિવાળી ઉજવીએ છીએ



વિશ્વ આખું ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે ફટાકડા માટે મારી તો ના જ છે. આ એ સમય છે જ્યારે પર્યાવરણને બચાવવાની ઝૂંબેશ છલાવવાની છે. ફટાકડાથી પર્યાવરણને મોટા પ્રમાણમાં નુકસાન થતું હોવાથી તેનો ઈનકાર જ થવો જોઈએ.

- રિયા ધામેશા



પર્યાવરણના ભોગે તો ફટાકડા નહીં જ. ઉપરાંત વિશ્વ હાલ મંદીના માહોલમાં છે, ત્યારે પૈસાનો આવો વ્યય પણ આપણને ન જ પોસાય. વળી ફટાકડા ફોડવાથી અસ્વચ્છતા પણ થાય છે, એટલે ફટાકડા ફોડવા માટે મારી તો ના જ છે.

- કુલદિપ પટેલ



દિવાળી એ વિતેલી પળોને ભૂલીને આવનાર ખુશીનો અહેસાસ કરાવતું પર્વ છે. પરંપરા મુજબ ફટાકડા ફોડવા જોઈએ પરંતુ બીજાંને એનાથી નુકસાન ના થાય એ જોવાની જવાબદારી પણ આપણી જ છે.

આજે જીવનમાં આનંદના અવસરો ઓછા ને દુઃખના વધારે આવે છે ત્યારે દિવાળી જેવા આનંદના અવસરની ઉજવણી ધામધૂમથી કરવી જ જોઈએ અને એ માટે ફટાકડા તો ફોડવા જ જોઈએ.


- વિશ્વા ઠરાણિયા



ફટાકડા ફોડવા જ જોઈએ. આજે સ્થિતિ એ છે કે અંગ્રેજી માધ્યમની સ્કૂલ્સમાં ભણનારાં બાળકો દિવાળીથી દૂર ને ક્રિસમસથી નજીક છે. ક્રિસમસની રૉશની એમને ડૅકોરેશન લાગે છે ને દિવાળીના ફટાકડા પ્રદૂષણ !

વૈજ્ઞાનિક દષ્ટિકોણ કહો કે પરંપરા, દિવાળીમાં ફટાકડા તો ફોડવા જ જોઈએ.

- તપન જોષી



દિવાળીના તહેવાર સાથે આપણી સંસ્કૃતિ અને વિજ્ઞાન બંને સંકળાયેલાં છે એટલે દિવાળીમાં ફટાકડા તો ફોડવા જ જોઈએ. ચોમાસાની ઋતુ પૂરી થતાં પેદા થયેલી જીવાતોથી નિજાત માટે ધુમાડો જરૂરી છે.

હા, પૈસાનો વધુ વ્યય ન થાય અને પ્રદૂષણ ન થાય એ ધ્યાન રાખવું જોઈએ.

- દિનેશભાઈ તલાવિયા



પરંપરા તો જાળવવી જ જોઈએ. હા, કાયદા-કાનૂનના દાયરામાં રહેવું જોઈએ. પરંતુ સાવ ફટાકડા ન જ ફોડવા એવું તો ન હોવું જોઈએ. સરકાર પણ જ્યારે મોટી ઈવેન્ટ કરે છે ત્યારે આતશબાજી કરે જ છે. તો સામાન્ય નાગરિકોને કેમ મના ? પશ્ચિમી દેશોમાં પણ ફટાકડાના માધ્યમથી મોટાપાયે આતશબાજીઓ થાય છે. તો આપણી દિવાળીમાં જ ફટાકડાની કેમ મનાઈ ?

- ધર્મેન્દ્રસિંહ વાઘેલા



ફટાકડા ન જ ફોડવા જોઈએ. ટૂંકમાં કહું તો ફટાકડા એટલે પૈસાનો ધુમાડો અને પ્રદૂષણને આમંત્રણ. દિવાળી ઉજવવાના અને આનંદ પ્રાપ્ત કરનાના બીજા પણ ઘણા રસ્તા છે.

- સમીર પ્રજાપતિ




ફટાકડા એ દિવાળીના તહેવારની સૌથી મોટી મજા છે. એના વિના દિવાળી સુની લાગે. જે પરંપરા વર્ષોથી ચાલી આવી છે એમાં કશું ખોટું નથી. બીજા દેશો પણ પોતાના ક્રિસમસ જેવા તહેવારોમાં ધૂમ આતશબાજી કરે જ છે. આપણે આપણા પર્વને શું કામ મર્યાદામાં બાંધીને ફિક્કા બનાવીએ ?

- જયંતીભાઈ હળપતિ



ફટાકડા આમ તો ના ફોડવા જોઈએ, તેનાથી પર્યાવરણને નુકસાન થાય છે. પણ છોકરાઓની ખુશી માટે ફટાકડા ફોડવા પડે છે.

- અલ્પેશભાઈ પરમાર



દિવાળી દરમિયાન શ્વાસ અને દમના ઘણા પેશન્ટ આવતા જોઈએ છીએ, જેમાંનાં કેટલાંકની હાલત તો બહુ ગંભીર બને છે. કેટલાક તો ફટાકડાથી અતિ ગંભીર રીતે દાઝેલા પણ જોવા મળે છે અને આ કારણથી મૃત્યુ પણ પામે છે.

તહેવાર જિંદગીથી વધારે નથી. ઘાતક ફટાકડાને સ્થાને તારામંડળ, ફુલઝરનો ઉપયોગ કરીએ તો સારું, જેથી તહેવાર પણ સચવાય ને પ્રદૂષણ પણ ઓછું થાય.

- ચંદુભાઈ રાઠોડ



ગ્લોબલ વોર્મિંગ એ આજની વૈશ્વિક સમસ્યા છે. હવાના પ્રદૂષણથી આખી દુનિયામાં ભયનું મોજું છે. ભારતમાં પણ વિકટ પરિસ્થિતિ સર્જાઈ રહી છે. સમગ્ર દેશમાં દિવાળીના પાંચ દિવસ ફટાકડા ફોડવામાં આવે છે. આ ફટાકડા એટલા બધા જોખમી હોય છે અને સસ્તી ક્વૉલિટીના હોય છે કે તેનાથી પ્રદૂષણનું સ્તર ખૂબ વધી જાય છે. પ્રદૂષણની અસર માનવજીવન પર પડે છે. માટે આપણે સૌએ ભેગાં થઈને સંકલ્પ કરવો જોઈએ કે દિવાળીમાં દીપ જલાવીશું, ફટાકડા નહીં.

- અંકિત બારોટ



વાહનો દ્વારા ફેલાતું પ્રદૂષણ, ફેક્ટરીઝ દ્વારા કરાતું પ્રદૂષણ, વાર-તહેવારે મોટી સંખ્યામાં એકત્ર થતાં લોકો દ્વારા ફેલાવાતું પ્રદૂષણ.... બીજું ઘણું છે ફટાકડા સિવાય.... ફટાકડા તો વર્ષમાં પાંચ દિવસ... બાકીનાં ૩૬૦ દિવસમાં હજારો કારણો એવાં આવે છે જેનાથી પ્રદૂષણ ફેલાય છે.

- જયનલ રાવલ



દિવાળીમાં ફટાકડા આપણે ફોડી લઈએ છીએ પરંતુ એ પછીની અસરોનો વિચાર કરતા નથી. ફટાકડાથી ઉદ્ભવતા ધ્વનિ અને વાયુ પ્રદૂષણથી કેટલાંય જીવોને નુકસાન થાય છે, માણસોના સ્વાસ્થ્ય ઉપર ગંભીર અસર થાય છે, બીમારીનો ભોગ બનવું પડે છે. ઉંમરલાયક માણસ, પશુ-પક્ષીને તો જીવ ગુમાવવાનો વારો આવે છે. એટલે ફટાકડા ફોડવા જોઈએ નહીં અને સાદગીથી દિવાળીની ઉજવણી કરવી જોઈએ.

- દુર્ગેશ ગઢવી



ફટાકડા વગરની દિવાળી... વિચાર જ નથી આવતો. વાત પર્યાવરણ સંરક્ષણની જ હોય, પ્રદૂષણ નિવારવાની જ હોય તો બીજી ઘણી બાબતોમાં કાબૂની જરૂર છે. હું માનું છું કે ફટાકડાને કારણે નહીં પરંતુ વાહનોના કારણે સૌથી વધુ પ્રદૂષણ થાય છે. એમાં કાપ મૂકી શકાય એમ છે, એ અંગેના નિયમો, કાયદા કડક બનાવી શકાય એમ છે. એ તો કોઈ કરતું નથી, તો ફટાકડા ઉપર પ્રહાર શું કામ ? ફટાકડા તો ફોડવા જ જોઈએ.

- ચેતના ચાવડા

## આજે સ્થિતિ એ છે કે અંગ્રેજી માધ્યમની સ્કૂલ્સમાં ભણનારાં બાળકો દિવાળીથી દૂર ને ક્રિસમસથી નજીક છે; ક્રિસમસની રૉશની એમને ડૅકોરેશન લાગે છે ને દિવાળીના ફટાકડા પ્રદૂષણ !



ફટાકડા ફોડવા જોઈએ પરંતુ તેના માટે કોઈ નિશ્ચિત ધારાધોરણ હોવું જોઈએ. જેમને મોટા અવાજવાળા ફટાકડા ફોડવા છે એમના માટે અલાયદી હરિયાળી જગ્યા હોવી જોઈએ, જેના કારણે ધ્વનિ અને વાયુના પ્રદૂષણને ખાળી શકાશે. વળી, સામાન્ય લોકોને પણ શ્વાસની તકલીફ આ કારણે નહીં વેઠવી પડે.

- અમીબેન બારોટ



ફટાકડાના કારણે દર વર્ષે ઘણી હોનારતો થાય છે એટલે ફટાકડા ના ફોડવા જોઈએ. રોકેટને કારણે આગ લાગવાની ઘટનાઓ તો દર વર્ષે જોવામાં આવે છે.

દિવાળીમાં ફટાકડા ઉપરાંત ઘણું છે, તેનો આનંદ લેવો જોઈએ. દિવાળીનો તહેવાર સુરક્ષિત રીતે ઉજવવો જોઈએ.

- મીનાબેન રવજીભાઈ પટેલ



ફટાકડા ફોડવા જરૂરી છે. એ આપણી સંસ્કૃતિ છે. ફટાકડાથી થતો ધુમાડો આપણા માટે ફાયદાકારક છે. વધુ અવાજવાળા ફટાકડા ટાળવા જોઈએ. પણ જીવનનો આનંદ છે તે માણવો જોઈએ. ફટાકડાનો ધડાકો જરૂરી છે, જે નવી ઊર્જાનો સંચાર કરે છે.

- ભાવના તલાવિયા



ફટાકડા ન ફોડવા જોઈએ. સામાન્ય દિવસોમાં પણ વાતાવરણમાં પ્રદૂષણ વધુ હોય છે. ત્યારે દિવાળીમાં હદબહાર આતશબાજીથી હવાનું અને ધ્વનિનું પ્રદૂષણ ફેલાય છે. જેની અસર નાનાં બાળકો અને વૃદ્ધો પર ખૂબ જ ખરાબ પડે છે. ફટાકડામાં હજારો ખર્ચવા કરતાં માત્ર તહેવાર પૂરતા બેચાર ફટાકડા ફોડી બાકીના પૈસા ગરીબની જરૂરિયાત માટે ખર્ચવા તે જ મારા મતે યોગ્ય છે.

- હિતેશ આર પંડ્યા



ઓછા પ્રમાણમાં અને ઓછું ધ્વનિ, વાયુ પ્રદૂષણ ફેલાવતા ફટાકડા ફોડીએ એ ઉપાય છે જ. કારણ કે ફટાકડા ન ફોડવા એ એકમાત્ર હલ નથી પર્યાવરણ સંરક્ષણ માટેનો, બીજું ઘણું છે, બધું પ્રમાણસર કરીએ, સમયસર કરીએ એ જ સમયની માગ છે.

- કેતલ પટેલ અને વિજય પટેલ

## જેમને મોટા અવાજવાળા ફટાકડા ફોડવા છે એમના માટે અલાયદી હરિયાળી જગ્યા હોવી જોઈએ, જેના કારણે ધ્વનિ અને વાયુના પ્રદૂષણને ખાળી શકાશે



વર્ષોથી ભારતમાં લોકો દિવાળીનો તહેવાર ફટાકડા ફોડીને ઉજવતા આવ્યા છે. એ આપણી પરંપરા છે, જે જાળવી રાખવી જોઈએ અને દિવાળીનો તહેવાર ફટાકડા ફોડીને ઉજવવો જોઈએ.

- મેહુલ ચૌહાણ



દિવાળી એ એક સુંદર તહેવાર છે અને તેની સુંદરતાની જાળવણી કરવા માટે આપણે ફટાકડામુક્ત દિવાળીની ઉજવણી કરવી જોઈએ. 'પ્રદૂષણમુક્ત દિવાળી, ઉત્તમ દિવાળી.'

- તપન ધોગા



ફટાકડા ફોડવા જોઈએ પણ સમજદારી અને જવાબદારીપૂર્વક. ફટાકડા ફોડવાને કારણે જે નુકસાન થાય છે તેનાથી આપણે અવગત છીએ. પરંતુ એ પણ સાચું છે કે ફટાકડા ફોડવાથી મલેરિયા, ડેન્ગ્યૂ જેવી ગંભીર બીમારીઓ ફેલાવતાં મચ્છરો કે જંતુઓનો નાશ થાય છે.

- નીતાબેન શર્મા, રેશ્મા દેસાઈ, તૃપ્તિ અમીન

મુલાકાત લેનારા વિદ્યાર્થી : પ્રીતિ પટેલ, નેહા તલાવીયા

## ફટાકડા વગરની દિવાળી... વિચાર જ નથી આવતો... વાત પર્યાવરણ સંરક્ષણની જ હોય, પ્રદૂષણ નિવારવાની જ હોય તો બીજી ઘણી બાબતોમાં કાબૂની જરૂર છે... હું માનું છું કે ફટાકડાને કારણે નહીં પરંતુ વાહનોના કારણે સૌથી વધુ પ્રદૂષણ થાય છે... એમાં કાપ મૂકી શકાય એમ છે